મહત્તમ : ૪૦.૨ ડીગ્રી
લઘુતમ : ૨૧.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૨ ટકા ● સાંજે ૧૮ ટકા
ગાંધીનગર તાપમાન

ગાંધીનગરાઓ કેવો જન પ્રતિનિધિ ઈચ્છે છે

દેશના હીતનો જ ખ્યાલ રાખે તેવા નીડર-પ્રામાણિક લીડર જોઈએ

ગાંધીનગર, તા.૨૮

ચૂંટણીના દિવસો નજીક આવી રહ્યા છે ત્યારે શહેરના નાગરિકો પણ તેમના મંતવ્યો જણાવી રહ્યા છે. મુખ્યત્વે તેમના મતે જન પ્રતિનિધિ દેશ અને સમાજની સમસ્યાનું નિરાકરણ કરે તેવા નિડર, પ્રામાણિક અને દેશના હીત સાથે ઈમાનદાર લીડરશીપ ધરાવતા હોય તેવા હોવા જોઈએ.

● સંદીપ પટેલ

એક ચોકકસ લક્ષ્ય સાથે લક્ષ્યને પાર પાડવાની ઈચ્છા શકિત ધરાવતા લીડર હોવા જોઈએ. તેમના કાર્યો એવા હોવા જોઈએ કે તે પોતે તેની ટીમ કે જનતામાં લોકપ્રિય બને. જનતાના પ્રશ્નો ખુદબખુદ સમજી નિરાકરણ લાવી શકે તેને વરસામાં મળેલ સત્તા ભોગવવાવાળા નહી પરંતુ આપખુદ બની પદ મેળવનાર હોવા જોઈએ. જનતાની જરૂરિયાતો સમજી અને તેને પરિપૂર્ણ કરવા માટેની સમજશકિત કેળવનાર હોવા જોઈએ. પોતાના કાર્યક્ષેત્રમાં લોકો સાથે ભળીને કાર્યકર્તાઓની સાથે કામ કરવાની ઈચ્છા શકિત ધરાવનાર હોવા જોઈએ.

● ભારતીબેન પોપટ

ભારતીય હોવાનો મને ગર્વ છે અને મતદાન મારો અધિકાર છે. મારા મતે પ્રતિનિધિ શિક્ષણ ફીનું સ્તર નીચે લાવી શકે સત્વરે યોગ્ય નિર્ણય લઈ શકે તેવો અને નિષ્ઠાવાન હોવો જોઈએ જે ટ્રાફિક સમસ્યા

મામલે પગલા લે તથા અને સ્ત્રીના રક્ષણ માટે પગલા લે તેવા હોવા જોઈએ પાણી જેવી અમુક સમસ્યા કાગળ પર રહી ગઈ છે તેનું નિરાકરણ લાવે અને જે દેશનું ભલુ ઈચ્છી દેશને આગળ લાવવા પ્રયત્ન કરે.

● પાયલ પરમાર

આગવા જન પ્રતિનિધિ એ લોકો સાથે જોડાયેલા હોવા જોઈએ. જે સામાન્ય વર્ગ, તેની સમસ્યા

સમાધાન માટે તત્પર રહે અને સામાન્ય વર્ગને ઉપર લાવવા પ્રયત્નો કરે. નાના વર્ગ માટે સરકારી ગ્રાન્ટ અપાવી શકે, સરકારી યોજનાઓનો મહત્તમ અમલીકરણ કરાવી શકે, ટેકનોલોજી અને એડવાન્સમેન્ટથી જાગૃત હોવા જોઈએ જે યુથને એક પ્રેરણા અને જાગૃતિ આપી શકે. જન પ્રતિનિધિ એ સમાજની, દેશની સમસ્યાઓથી જાગૃત અને એના સમાધાન માટે તત્પર હોય એ ખુબ જરુરી છે. દેશ અને સમાજની સાંપ્રત સમસ્યાનું ત્વરિત નિરાકરણ લાવવું એ સાચા જન પ્રતિનિધિત્વની નિશાની છે.

● જીતેશ પારેખ

આપણો પ્રતિનિધિ આપણા જેવો અને આપણામાંનો જ એક હોવો

જોઈએ. જે આપણી જરૂરિયાત અને લાગણી બેઉ સમજી શકે અને તેને અમલમાં પણ મુકી શકે તેવો સક્ષમ હોય, ખુબ અગત્યનું તે છે કે એ ઈમાનદારીથી પોતાની ફરજ પુરી કરે તે ખરા અર્થમાં પોતાની ભૂમિકા કે હોદ્દાને અનુરુપ કામ કરે અથવા તો ખેલદિલીપૂર્વક તેને છોડી શકે, તેટલો બાહોશ હોય.

● દિવ્યાંગ નાયક

જન પ્રતિનિધિ પોતાના હીત કરતા દેશહીત અને પોતાની સુરક્ષા કરતા દેશની સુરક્ષાને પ્રથમ અગ્રતા આપનાર હોવા જોઈએ. લોકોને વિશ્વાસમાં લઈને લોક ઉપયોગી કાર્યો કરે પોતાની જવાબદારીથી ભાગે નહી. લોક રજુઆતને પરખીને સાચી રજુઆતને આગળ વધારે, આપત્તીને અવસરમાં ફેરવે. સરકાર અને લોકો વચ્ચે કડી બનીને એક બીજાના પુરક બને.

● અપૂર્વ દવે

લીડર પ્રમાણિક હોવા જોઈએ. લોકાની તકલીફ સમજી દૂર કરે. થોડા અનુભવી અને પોતાની જવાબદારી સમજતા હોવા જોઈએ. લીડરશીપ કવોલીટી હોવી જોઈએ. સાદગીપૂર્ણ હોવા જોઈએ કે

કોઈ સામાન્ય માણસ પણ તેમને મળી શકે.

● મુકેશ પટેલ

કોઈ પણ પક્ષ હોય સ્થાનિક ઉમેદવાર પોતાના સ્થાનિક એરિયામાં કાર્યાલય ઉભું કરી શકે જેથી લોકલ પ્રશ્નોનો ઉકેલ લાવી શકાય. સ્થાનિક કાર્યાલયમાં પોતાની સિવાય મદદ કરી શકે તેવો સ્ટાફ હોવો જોઈએ. ઉમેદવાર પ્રમાણિક હોવા જોઈએ અને જીતવા માટે કોઈ કોઈ સારી તેમની પોલીસી હોવી જોઈએ.



● ધરતી કંદોઈ

આજે આપણો દેશ વિકાસ તો કરી રહ્યો છે તેની સાથે આજના નેતા પણ સંવેદનશીલ બન્યા છે પરંતુ મારા મતે જન પ્રતિનિધિ કાર્યરત હોય અને શહેરને, દેશને આગળ વધારવા માંગતા હોય તેવા કાર્યશીલ, પ્રામાણિક પ્રતિનિધિ હોવા જોઈએ.

સ્વામિનારાય ગુરૂકુળ ખાતે ભાગવત દશમ સ્કંધ યોજાયો હતો. જેમાં કથાની પૂર્ણાહુતિ દરમિયાન સંસ્થા દ્વારા ઉપસ્થિત ભાઈઓ-બહેનોને મત આપવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

સે-૨૧ સંકલ્પ સિધ્ધ હનુમાનજી મંદિર ખાતે રામકથાનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

રામનવમીથી હનુમાન જયંતિ દરમિયાન ભાવવાહિ શૈલીમાં રામકથા યોગી રામદાસજી મહારાજ (ગુજરાતી બાબા)ના મુખે તા. ૧૧ થી ૧૯ એપ્રિલ દરમિયાન બપોરે ૩ થી ૭ કલાક દરમિયાન સે-૨૧ સ્થિત સંકલ્પ શિધ્ધ હનુમાનજી મંદિર ખાતે યોજાશે. જે નિમિત્તે પોથી શોભાયાત્રા સવારે ૧૦ કલાકે પંચદેવ મંદિરથી પ્રસ્થાન થશે તથા ૧૯ એપ્રિલ હનુમાન જયંતિનાદિવસે મણિનગરવાળા કમલેશભાઈ દવેની વ્યાસપીઠે સુંદરકાંડ યોજાશે.

મેડીકલ તપાસ બાદ સિવિલમાં ૨૦૦ લીકર પરમીટની અરજી પેન્ડીંગ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મેડીકલ તપાસ થઈ ગઈ હોવા છતા પરમીટ મળી ન હોય તેવી ૨૦૦ લીકર પરમીટની અરજી પેન્ડીંગ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લીકર પરમીટના પ્રારંભીક તબક્કામાં માત્ર ૪૪ નાગરીકોને લીકર પરમીટ આપવામાં આવી છે. ત્યારબાદ કયાં કારણોસર આ કાર્યવાહી ખોરંભે ચડી છે તે કોઈ જાણતું નથી. પરંતુ હાલ વિવિધ જિલ્લાના નાગરીકો લીકર પરમીટનું કેટલે આવ્યું તે પુછવા માટે ગાંધીનગર સિવિલના ચક્કર કાપી રહ્યા છે.

મળતી માહિતી મુજબ આરડીડી ઝોનમાં પાંચ જિલ્લાનો સમાવેશ કરવામાં આવે છે. જેમાં ગાંધીનગર, મહેસાણા, પાટણ, સાબરકાંઠા અને અરવલ્લીનો સમાવેશ થાય છે. આ પાંચ જિલ્લામાંથી કોઈ પણને લીકર પરમીટ નવી લેવી હોય તેમજ જુની રીન્યું કરાવવાની હોય તો ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મેડીકલ તપાસ માટે આવવું જરુરી બન્યું છે અને ત્યારબાદ મેડીકલ સર્ટીફિકેટ બાદ લીકરની પરમીટ નાગરીકોને મળે છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લીકર પરમીટના પ્રારંભીક તબક્કામાં વિવિધ જિલ્લામાંથી નવા તેમજ રીન્યું અર્થે આવેલા ૪૪ જેટલા નાગરીકોને લીકર પરમીટ આપી દેવામાં આવી છે. ત્યાર પછીના સમયમાં લીકર પરમીટ માટે આવેલા નાગરીકોને લીકર પરમીટ મળી નથી, સિવિલ તંત્ર દ્વારા લીકર પરમીટ માટે જરુરી ટેસ્ટ તેમજ મેડીકલ તપાસ પણ નાગરીકોએ પૂર્ણ કરી દીધી છે. મેડીકલ રીપોર્ટને આધારે કેટલા યુનીટ આપવા તે નક્કી કરવામાં આવે છે ત્યારબાદ જે તે નાગરીકને લીકર પરમીટ મળી જાય છે. પરંતુ છેલ્લા બે માસથી આ કામગીરી ખોરંભે ચડી છે. આ લીકર પરમીટ માટે ત્રણ સભ્યોની કમિટી બનાવાઈ છે. પરંતુ કયા કારણોસર નાગરીકોને લીકર પરમીટ મળી નથી તે તપાસનો વિષય છે ત્યારે હવે લીકર પરમીટ કયારે મળશે તેની કાગડોળે રાહ જોઈને નાગરીકો બેઠા છે. ૨૦૦ થી વધુ નાગરીકોના આરોગ્યની ચકાસણી બાદ મેડીકલ સર્ટીફિકેટ પણ બનાવી દેવામાં આવ્યા છે તેમ છતા તેમને પરમીટ આપવામાં આવતી નથી.

ઉર્જાનગર વિભાગ-૨ના રહીશોએ પોસ્ટ કચેરીની સેવાઓને બિરદાવી

રાયસણ અને રાંદેસણ પોસ્ટ ઓફિસને અનુલક્ષી ઉર્જાનગર વિભાગ-૨ની સોસાયટીએ કોઈ પણ જાતનું ભાડુ લીધા વગર પોસ્ટકચેરી માટે જગ્યા આપી છે. નાગરિકોને અગવડ ન પડે અને પોસ્ટ કચેરીનું કામ સરળતાથી થાય તે માટે પોસ્ટ માસ્તર સહિત સહકર્મચારીઓ અને પોસ્ટમેન તેમની સેવાઓ થકી યોગ્ય ટપાલ વિતરણ થાય તે માટે પણ ઉત્સાહથી ફરજ અદા કરી રહ્યા છે જેના લીધે આ વિસ્તારમાં નિયમિત ઘરે ઘરે ટપાલ પણ પહોંચી જાય છે તેમ ઉર્જાનગર વિભાગ-૨ સોસાયટીના પ્રમુખ મુકેશ શાહે જણાવ્યું છે.

ચિરવિદાય

- સ્વ. પરમાર કમલેશકુમાર પૂંજાભાઈ, ઉ.વ. ૭૨
- સ્વ. ગજજર સવજીભાઈ દેવજીભાઈ, ઉ.વ. ૮૫

માહિતી ખાતાના ઓપરેટર એસ.એ.પઠાણ વયનિવૃત્ત થતા વિદાય સમારંભ યોજાયો

માહિતી ખાતાની ન્યુઝ એન્ડ મીડિયા રીલેશન શાખા દ્વારા અપાઈ ભાવભરી વિદાય

ગાંધીનગર, તા.૨૮

માહિતી નિયામકશ્રીની કચેરીની ન્યુઝ એન્ડ મીડીયા રીલેશન શાખાના ઓપરેટર એસ.એ.પઠાણ ૩૪ વર્ષની સુદીર્ઘ સેવાઓ બાદ વય નિવૃત્ત થતા તેમને શાખા નિવૃત્ત વિદાયમાન આપવામાં આવ્યું હતું.

ન્યુઝ એન્ડ મીડીયા રીલેશન શાખાના નાયબ માહિતી નિયામક હિરેન ભટ્ટે નિવૃત્તની શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે, મૃદુભાષી અને ઓછું બોલતાં એવા એસ.એ.પઠાણે સદાય હસતા રહીને કામગીરી કરી છે તે સરાહનીય છે. તેમની કાર્યનિષ્ઠા, સમયસૂચકતા અને કાર્યદક્ષતા થકી સમાચાર કવરેજની મહત્વની કામગીરી કરી છે જેના પરિણામે ખાતાની કામગીરી દીપી ઉઠી છે. તેમણે પઠાણભાઈનું નિવૃત્તમય જીવન સારૂ રહે એવી પ્રાર્થના કરી સમગ્ર શાખા વતી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

શાખાના સહાયક માહિતી નિયામક જયેશભાઈ દવે, દિલીપભાઈ ગજજર, ઓપરેટર પ્રવિણભાઈ સોરઠીયા સહિતના કર્મચારીઓએ પઠાણભાઈ સાથેની કામગીરીના સંસ્મરણો તાજા કરીને નિવૃત્તમય જીવન સુખરૂપ રહે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

નિવૃત્ત થતા પઠાણભાઈએ તેમના પ્રતિભાવમાં શાખા દ્વારા મળેલ સહયોગ તથા તમામ અધિકારી-કર્મચારીઓનો હૃદયપૂર્વકનો આભાર માન્યો હતો.

શાખામાં નવનિયુક્ત પામેલ સીનિયર સબ-એડીટર ધવલ શાહ અને માહિતી મદદનીશ વિપુલ ચૌહાણનું તથા બદલી થઈને આવેલા પરવેઝભાઈ લાખવાનું પણ પુષ્પગુચ્છ આપી શાખા વતી હિરેન ભટ્ટે સ્વાગત કર્યું હતું.

આ વેળાએ ન્યુઝ એન્ડ મીડિયા રીલેશન શાખાના તમામ કર્મયોગીઓ દ્વારા પઠાણભાઈનું સ્મૃતિભેટ આપી, શાલ ઓઢાડી, શ્રીફળના શુભ પ્રતિક વડે સન્માન કરાયું હતું.

બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીમાં એક દિવસીય આઈ.ઓ.એસ. મોબાઈલ એપ્લીકેશન ડેવલોપમેન્ટનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

માણસા હાઈવે પર આવેલી બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ગુજરાતમાં એક માત્ર 'આઈ.ઓ.એસ. મોબીનોવેશન સેન્ટર એકસલન્સ લેબ' ધરાવે છે. અદ્યતન ટેકનોલોજી ધરાવતી આ લેબમાં સાંપ્રત સમયની માંગ પ્રમાણે મોબાઈલ એપ્લિકેશન ડેવલોમેન્ટની ટ્રેનીંગ માટેના ઉચ્ચ લેવલના સોફટવેર અને હાઈ કવોલોટી ધરાવતા મોનિટર સામેલ છે.



આ અદ્યતન સુવિધા ધરાવતી લેબમાં તા. ૨૬ માર્ચ ૨૦૧૯ના રોજ આઈ.ઓ.એસ. મોબાઈલ એપ્લીકેશન ડેવલોપમેન્ટના શીર્ષક હેઠળ સંસ્થાના કોમ્પ્યુટર, આઈ.ટી. અને ઈ.સી.ના ચોથા, છઠ્ઠા અને આઠમા સેમેસ્ટરના ૩૦ વિદ્યાર્થીઓએ મોબાઈલ એપ્લિકેશન કઈ રીતે બને છે અને નવી એપ્લિકેશન બનવવા માટે સ્વીફટ અને એકસ કોડ ટુલ્સનું શું મહત્વ છે અને એપ્લિકેશનનો ઈન્ડસ્ટ્રીઝમાં શું ઉપયોગ છે વગેરેની ટ્રેનીંગ, મોબિનોવેશન લેબના એકસપર્ટ 'શ્રી કૈલાશ સોલંકી' દ્વારા આપવામાં આવી હતી.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, સંસ્થાના ડાયરેકટર પ્રો. રવિકુમાર, એન્જિનીયરીંગના પ્રિન્સિપાલ ડૉ. કિંજલ અધવર્યુએ વર્કશોપની સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર વર્કશોપનું આયોજન અને સંચાલન પ્રો. અંકિત શાહ, તુષાર ત્રાંબડીયા તેમજ કોમ્પ્યુટર આઈ.ટી.ના સમગ્ર સ્ટાફે સફળતાપૂર્વક કર્યું હતું.

માત્ર એક સપ્તાહની ગરમીમાં વાઈબ્રન્ટનો 'સ્વર્ણિમ' ઢોળ ઉતરી ગયો...!!!

ગ્લોબલ સમિટ વખતે અધધ... ખર્ચો કરી ઉભી કરાયેલી સ્વર્ણિમ પાર્કની સજાવટ 'કદરૂપી' બની : સ્વર્ણિમ પાર્કની હાલત જોઈ પર્યાવરણ પ્રેમી શહેરીજનોમાં રોષની લાગણી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં ઉનાળાએ પ્રારંભથી જ પ્રકોપ બતાવવાનું ચાલુ કરી દીધું છે અને તે સાથે જ જાન્યુઆરીમાં યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં સરકારે પાટનગરના બ્યુટિફિકેશન માટે ખર્ચેલા અધધ... નાણાં થકી કરવામાં આવેલી સજાવટનો રંગ પણ ઉતરી જવા પામ્યો છે. શહેરના મહાત્મા મંદિર પાસે આવેલા સ્વર્ણિમ પાર્કમાં રાતોરાત ઉભા કરી દેવાયેલા પામ ટ્રી સહિતના ફુલ છોડના પૈસા પાણીમાં ગયા હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૯માં વિશ્વના લગભગ મોટા ભાગના દેશોના પ્રતિનિધિઓ, ડેલિગેટસ તથા વીવીઆઈપી મહેમાનોની ઉપસ્થિતિ દરમિયાન પાટનગરને

અઢળક નાણાંનો ખર્ચ કરી શહેરમાં રોડ-રસ્તાના નવોઢાની જેમ સજાવવામાં આવ્યું હતું. આ સજાવટમાં સમગ્ર નવીનીકરણ, રંગબેરંગી રોશનીનો ઝગમગાટ તથા સ્વર્ણિમ પાર્ક સહિતના બગીચાઓમાં નવી થીમ આધારિત ફુલ છોડ વગરેની તડામાર તૈયારીઓ કરવામાં આવી હતી. આ સમિટ દરમિયાન વિદેશી તથા રાજય બહારથી આવેલા મહેમાનો સમક્ષ પાટનગરના આભાસી ચિત્ર થકી રાજયનો વિકાસ બતાવવાનો પ્રયાસ કરાયો હતો. આ પ્રયાસના ભાગરુપે સમગ્ર સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારના સ્વર્ણિમ પાર્કમાં તદ્દન નવી થીમ આધારિત બગીચાનું નવીનીકરણ કરાયું હતું. જેમાં મોટી મોટી કોઠીઓ આડી પડી હોય અને તેમાંથી રંગબેરંગી ફુલોના ઝરણાં વહેતા હોય તથા આસપાસમાં દેખાવો આકર્ષક તથા આખે આખા ઝાડને છોડની જેમ લાવીને રોપી શકાય તેવા પામ ટ્રી સહિતના વૃક્ષોની સજાવટ કરવામાં આવી હતી. વળી, સ્વર્ણિમ પાર્કની આસપાસના વિસ્તારમાં ચંપાના ઝાડની અસંખ્ય કલમો પણ રોપવામાં આવી હતી પરંતુ અત્યારની સ્થિતિ જુઓ તો માત્ર બે માસમાં આ કલમો કે પામ ટ્રી બધું સુકાઈ જવા પામ્યું છે અને સ્વર્ણિમ પાર્કની સુંદરતાને બટ્ટો લગાવી રહ્યું છે. ઘ-૪ સર્કલ નજીક જ સ્વર્ણિમ પાર્કમાં લગાડાયેલા પામ ટ્રી તો એવી રીતે સુકાઈને લટકી પડયા છે કે તેને જોઈ કુદરતી સૌંદર્યપ્રેમી શહેરીજનોના દિલ દુભાઈ રહ્યા છે. તો બીજી તરફ પર્યાવરણપ્રેમી નગરજનોમાં પણ રોષની લાગણી પ્રવર્તી રહી છે. અનેક ઠેકાણે જુદી જુદી કલર પેટર્ન આધારિત વાવવામાં આવેલા ફુલ છોડ પણ બદતર સ્થિતિમાં જોવા મળી રહ્યા છે તો કેટલેક ઠેકાણે તો આ પ્રકારના છોડ કેટલાક લે ભાગુ તત્ત્વો કુંડા સહિત ઉપાડી ગયા છે અને ફુલોની કોઠીઓ તો તુટી જવા પામી છે.

માત્ર પ્રજાને પૈસે શૉ-બાઝી કરી આભાસી ચિત્ર ખડું કરી સ્વપ્રશસ્તિમાં રત સરકારી તંત્ર એ સમિટ પત્યા પછી જાણે કામ પતી ગયું હોય તેમ 'ગરજ પતી એટલે વૈદ્ય વેરી'ની નીતિ અપનાવી અધધ નાણાનો ખર્ચ લાંબા સમય સુધી ઉપયોગી નિવડે તે રીતે સંભાળ રાખવાને બદલે રામ ભરોસે છોડી દેવાતા શહેરીજનોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

પામ ટ્રીના બદલે ટકાઉ વૃક્ષો વાવ્યા હોત તો પર્યાવરણને પણ લાભ થાત

અગાઉ પણ તમામ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન જયારે નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા ત્યારથી એરપોર્ટથી મહાત્મા મંદિર સુધીના માર્ગો પર પામ ટ્રી સહિતના માત્ર શો કેસ જેવા વૃક્ષો રોપી દેવામાં આવ્યા હતા પરંતુ તેનો થોડા સમયમાં જ નાશ થઈ જાય છે તેને બદલે જો સપ્તપર્ણી કે અન્ય ટકાઉ છતાં આકર્ષક હોય તેવા વૃક્ષોનું વાવેતર કરાયું હોત તો સુંદરતા હજુ પણ ટકી હોત તથા પર્યાવરણને ફાયદો થવા સાથે દર સમિટ વખતે ખર્ચ પણ ઓછો કરવો પડયો હોત.